




ધીરજની કસોટી
ઉતાવળે
નથી થતી હોતી.



ફૂલો
એ
સુગંધના વંશજો છે.


અંધારાની જેમ ખોવાઈ જવાની પણ
મજા હોય છે, વળી અજવાળાની જેમ
જડી જવાની પણ મજા હોય છે.


અંધારું અને અજવાળું એકબીજાને મળે છે,
એ ક્ષિતિજનું નામ આંખો છે,
જે આંસુના કિનારે વસવાટ કરે છે.


પછડાટની વાછંટને
સહન કરવાથી
કિનારાઓ વધારે
મજબૂત બનતા હોય છે.



અલગ અલગ રસ્તાઓ જ્યાં
આવીને પોતાનું ઘર બાંધે છે
એને આપણે
જીવતરનું નામ
આપીએ છીએ.



નાની નાની બાબતોમાં
મોટું મન રાખવાથી
આપણી દરિયાદિલીમાં જ
વધારો થાય છે.



જીવવા માટે સંબંધ જોઈએ
અને
સંબંધ માટે જીવવું જોઈએ.



યંત્રવત્ પ્રવૃત્તિએ
પ્રકૃતિને યંત્રવત્
કરી નાખી.


નામ વગરનો સંબંધ હોય છે.
વર્તુળની ચિંતા ન કરવી.
કેટલાક એવા છે કે
જે વર્તુળની ચિંતામાં ને ચિંતામાં
કેન્દ્રબિંદુ ખોઈ નાખે છે...






બીજાને સારું લગાડવા માટે
સાહિત્યનો શોખ કેળવવો
એ
માળી માટે બગીચો
ઉછેરવા જેવી વાત છે.


જ્યાં અનાયાસે
મજબૂર બની જવાય છે
એ કાં તો વહાલ હોય છે
કાં તો વરસાદ...


ગમતી વ્યક્તિનું નામ
જીભ ઉપર આવે છે
ત્યારે સુગંધ
ફૂલોની પાંખડીઓમાં
ઘર બનાવી લે છે...


રોજ એકના એક રસ્તે નીકળવાથી
જેમ રસ્તાના ખાડા અને બમ્પ
કોઠે પડી જાય છે,
એમ ગમતી વ્યક્તિ
આપણને કોઠે પડી ગઈ હોય છે.


આંખો પ્રેમની હેડલાઇન છે.
સ્મિત પ્રેમની હાર્ટલાઇન છે.


મિત્રતા શુદ્ધતમ પ્રેમ છે...
એ પ્રેમનું સર્વોચ્ચ સ્વરૂપ છે...
જ્યાં કશું માંગવાનું નથી હોતું,
શરત નથી હોતી,
બસ, આપવાનો આનંદ હોય છે.